શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૭
અંક : ૩

## આપણો પનારો

આપણો પનારો કેવડા મોટા વિશાળ ફલક સાથે પડયો છે ? ધરતી, પવન, પ્રકાશ, વાયુ, પાણી, પશુઓ અને પંખીઓ તથા વનસ્પતિઓની વચ્ચે કાયમી વસવાટ હોવાથી બધાના સાન, ઈશારા, ફેરફાર અગાઉથી ઓળખી લેવામાં માસ્ટરી આવી જતી હોય છે. જેમકે વેધશાળાનાં મોંઘા અને અટપટા સાધનોથી કરાતી વરસાદની આગાહી માંડ ૬૦ ટકા સાચી પડે પણ ખેડૂત આકાશમાં વાદળોની થતી હરફર, પવન 'સુરિયો' વાય છે કે 'સળી'. અરે,! કકણહાર જેવા પક્ષીનું બોલવું, ગાય, બળદ જેવા જાનવરનું ઝોલે ચડવું વિગેરે થી ૮૦–૯૦ ટકા આગાહી સાચી ઠરે છે!

જમીનના તળમાં ઉંડે કયાં કેટલું પાણી છે તે તપાસવાનું વૈજ્ઞાનિક સાધન તળમીટરે કરેલી તપાસ ઘણીવાર ખોટી પડે છે. પણ જમીન પરના કાંકરાના પ્રકાર, ધરતી પર ઉગેલ ઝાળાં ઝાંખરાના રૂપ રંગ ને દિદાર, ઢાળ ઢોળ જોઈ કરેલ અનુમાન વધુ સારૂ પરીણામ બતાવે છે. મોલાતમાં સવા રહેશે કે કવા વરતાશે એનું ભવિષ્ય અષાઢી બીજ કેવીક દેખાય છે એના પરથી ખેડૂત ભાખે છે. સમય ઓળખી લઈ કોણી મારી કૂરડું કરવાની કોઠાસૂજ આપણી જેવી તેવી નથી. જાતે જાતના અનુભવોનો ભંડાર પૂરો ભરેલો છે. અને નોખનોખી વિશિષ્ટ પાવરધાઈઓનો પણ પાર નથી. આવી આટલીબધી બાબતમાં આપણે કાઠું કાઢયું હોય અને આપણી ખેતીમાંથી પોરહ ચડે એવું અને એટલું સારું ઉત્પાદન જો ન મેળવી શકતા હોઈએ તો તપાસીએ કે આપણામાં હવે ખૂટે છે શું ? ઉણપ હવે રહી ગઈ છે કઈ બાબતની? આપણી ઢીલપની ? લાંબુ તથા ઉંડુ નહીં વિચારવાની ? હિસાબી બેદરકારીની ?

જીવ વિજ્ઞાન કહે છે 'મેળવણ' માં દૂધનું દહીમાં રૂપાંતર કરવાની તાકાત જોરદાર છે. દૂધ નહીં ઠંડુ, નહી ગરમ, પણ હુંફાળું હોવું જરૂરી છે.

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

– ટપક ટીમ

*વિચારોનો ચીરાગ બુઝાઈ જવાથી ચાર અંધ થઈ જાય છે. – વીનોબા ભાવે*

એમ 'ખેતી વિજ્ઞાન' માં ખેતીને ઉંચે ઉઠાવવાની તાકાત તો રહેલી છે પણ ખેડૂતોની રૂઢ માન્યતાઓ છોડીને નવી વાતોને પકડી, અમલમાં મૂકાવનારા મનની તૈયારી કેટલી ? આપણી કુદરતે દીધી શકિતઓ અને વિજ્ઞાને આપેલા શાસ્ત્રોનો સુમેળ થાય તો આપણે ખેડૂતો ધાર્યુ નિશાન વિંધી શકીએ કે નહીં ? જરૂર છે આપણો 'ધો' બદલવાની હા, કોઈવાર આપણો કાર્યક્રમ સફળ ન થાય, પણ તો તે વખતે 'આમ કેમ થયું ? આપણાથી શું ફેર પડી ગયો ? શી ઉણપ રહી આપણી ચીવટમાં ? એવું વિચારી, આપણી ખામી શોધી કાઢી દઈએ તો તો કમાલ થઈ જાય. ભૂલો થવાના કારણો થોડા નથી હોતા. પાયાના અને પૂર્તિ ખાતરો આપવાની બાબત, પાક અને વિધવિધ જાતોની પસંદગી બાબત, પર્યાવરણ હવામાન અને સિંચાઈના પાણીની બાબત ઘણી સમજણ માગે છે અરે! આંતરખેડ બાબતે ઉંડી પાંહ અને વારંવારની થતી રહેતી સાંતીની હરફર શું જરૂરી ખરી ?

## ખેતીમાં ચમત્કારીક ઈલાજ

જમીનની ફળદ્રુપતા વધારવા ખેડૂત રાસાયણીક ખાતરો અને ઝેરી દવાઓ ખૂબ વાપરે છે. ખર્ચ વધ્યું છે પણ તેનું પૂરૂ વળતર મળતું નથી. જમીન પણ બગડી છે અને માણસનું આરોગ્ય પણ કથળ્યું છે માટે ખેત કચરો અને ગોબર ગેસનું સેન્દ્રિય ખાતર કે લીલો પડવાશ, નીંદણ પાથરવું, બોનમીલ કે તમાકુ ડસ્ટ, કુકડાં મરઘાની ચરક, લીંબોળી દીવેલાનો ખોળ દ્વારા જમીનનું પોત સુધારવું, ચુંટેલુ સ્થાનિક ખડતલ બિયારણ અને પટ આપવા, મિશ્ર પાક અને પાકની ફેરબદલી, વાનસ્પતિક જંતુનાશકો, ટપક પદ્ધતિ અને વિવેકપુર્ણ જળવપરાશ, જીવંત વાડ અને વૃક્ષો, પંખી આકર્ષવા અને ગોપાલન કરવું, ખેત પેદાશોની ન્યાયપૂર્ણ વેચાણ વ્યવસ્થા જેવા તમામ પાસા આવરી લેનારી સજીવ ખેતીની સમજ અંગે એક ખડૂત કહે છે કે, એક પ્રયોગમાં અમે મમરાનો છંટકાવ પાક ઉપર કર્યો અને પક્ષીઓ ત્યાં મમરા ખાવા આવ્યા. મમરા ખલાસ થઈ ગયા પછી તેઓ ઈયળો વીણી વીણીને ખાવા લાગ્યા. આ રીતે જે કીટકો છોડને ખાવા આવ્યા હતા. તે પોતે પક્ષીનો ભોગ બન્યા. અહીંયા અમે કોઈ દવા નાખી નહી, છતાંય કીટકોનું ખૂબ સરસ રીતે કુદરતી નિયંત્રણ થયું.

### રમુજ એક થેરપી

આ ઈન્દ્રપાલ પણ વિચિત્ર માણસ છે જયારે જુઓ ત્યારે નાણાભીડમાં હોય સમજમાં નથી આવતું કે પૈસા વગર તેનું કામ કેમ ચાલે છે ?

કેમ ? શું તે તારી પાસે પૈસા માંગવા આવ્યો હતો કે શું ?

ના. પણ હું જયારે પણ એની પાસે પૈસા માંગુ તો તે કહે છે કે મારી પાસે પૈસા નથી.

***વિચાર વિના શીખવું તે મહેનત બરબાદ કર્યા જેવું છે વિવેક વિના વિચારવું તે ભયજનક છે.***

## લેમ્પ

આ વર્ષ દરમ્યાન લેમ્પ (Learning and Migration program) નામે બાબરા તાલુકાના ૪૫ ગામોને સાંકળી શાળાઓની શાશકીય વ્યવસ્થા પર (શાળા વ્યવસ્થાપન સમિતીના સભ્યો, યુથ ગૃપ મેમ્બર્સ, સ્વયંસેવકો, પંચાયતી રાજ સંસ્થાના સભ્યો, સ્વસહાય જુથના સભ્યો, વાલીઓ, એસએમસી ફેડરેશનના હોદેદારો મળી કુલ ૩૯૦૫ લોકો સુધીની સીધી પહોંચ) અને તેમાથી ૧૦ ગામોમાં Learning Enrichment Program (LEP) ધો. ૩ થી ૫ ના ૩૪૬ વિદ્યાર્થીઓમાં શીખ સંવર્ધન કાર્ય થયુ.

શાળાઓની શાશકીય વ્યવસ્થા અને બાળકોના ભણવાના અધિકારનો કાયદો આ બંને બાબતોને



નજીકથી જોવાનો અને સમજવાનો મોકો મળ્યો. લોકો સાથેની મીટીગો, તાલીમો, જાગૃતિ કાર્યક્રમોમાં શાળા વ્યવસ્થાપન સમીતીના સભ્યો, સીટીઝન એજયુકટર્સ, શાળાઓનો સ્ટાફગણ, પંચાયતો, સ્વસહાય જુથો, આંગણવાડી કાર્યકર તથા આશા બહેનોએ ખુબ જ સહયોગ કર્યો હતો. સમસ્યા આધારિત બેઠકોમાં લોકોની સહભાગિતા અસરકારક રહી હતી.

શીખ સંવર્ધનમાં ૧૦ શિક્ષકોએ તાલીમ મેળવી અને બાળકો સાથે જે રીતે જુથમાં પ્રવૃતિઓ કરાવી જેનાથી બાળકનો શીખવા પ્રત્યે આત્મ વિશ્વાસ વધ્યો. બાળકોના વાલીઓ સાથે તેમની શીખ અંગેની પ્રગતિની સતત ચર્ચાથી વાલીઓમાં પણ બાળકોના અભ્યાસ પ્રત્યે રૂચિ વધી. આ વર્ગોના લીધે તે બાળકો તો નિયમિત થયા પણ તેની શાળાના અન્ય બાળકો પર અસર પડી.

**જીવનની પરિસ્થિતિનો સામનો કરવાની યોગ્યતાનું નામ શિક્ષણ છે.**

## ખેડૂત પ્રેરણા પ્રવાસ

ઉતમ ગુણવતા વાળી ખેતી પધ્ધતિને પ્રોત્સાહન સાથે જોડાયેલ ઉના અને જાફરાબાદ તાલુકાના ખેડૂતોએ અન્ય ખેડૂતોના સારા પ્રયાસો જોવા માટે આસરાણા મુકામે સંઘવી ફાર્મ તથા ખેડૂતોની મુલાકાત લીધી હતી.

ગ્રીન હાઉસ, ડ્રીપ, ખારા પાણીનું ફીલ્ટરેશન, દવા છંટકાવનું મશીન, દાડમની ખેતી, ગૌશાળા, પશુ સંવર્ધન (ગીરગાય), કંપોસ્ટ વિગેરે પ્લાંટ જોયા. દરેક યુનિટની વિસ્તૃત જાણકારી મેળવી જેમાં ગૌશાળાના શેડની રચનાએ ધ્યાન ખેંચ્યુ હતુ. મોટા ભાગે આ બધા વિભાગોની કામગીરી કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવેલી છે.



ગ્રામ નિર્માણ સમાજ, મહુવાની પણ મુલાકાત લીધી. તેઓએ બનાવેલ તળાવો, ચેકડેમો, ખેતી તથા પર્યાવરણ સંબંધી કરેલ કામોની વિગતો ખેડૂતોને સમજાવી અને તેના પર પ્રશ્નોતરી કરવામાં આવી હતી. આ સંસ્થાની ખેડૂતો સાથેની કામગીરી અને તેમણે બનાવેલ સંગઠનોની વિગતો પણ સમજવાનો પ્રયાસ થયો હતો.

ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશનની ચાલતી કામગીરી જોવા માટે ખેડૂતોની આ ટીમ કળસાર પહોંચી. પ્રવિણભાઈ માંગુકીયાની વાડીમાં કુવા રીચાર્જીંગની કામગીરી, ટપક પિયત પધ્ધતિ તથા સુગરબીટના વાવેતર પર ખેડૂતોએ સંસ્થાના કાર્યકર અને ખેડૂત સાથે ચર્ચા કરી હતી. સુગરબીટથી જમીનની ખારાશ ઘટે છે તેવી સમજ પણ બની. અહીં એક રીસોર્સ સેન્ટર સ્થાપવામાં આવ્યુ છે. તેમાં

ખેડૂતોને જરૂરી તમામ માહિતી ઉપલબ્ધ બને છે. આ ઉપરાત તેઓ તમામ જૈવિક દવા અને ખાતરોનું વેચાણ પણ કરે છે. આ ઉપરાંત તેઓએ ગૌસંજીવની કેશતેલ, દંતમંજન, ફલોર કલીનર, વિગેરે તેમજ ઝીરો બજેટ ફાર્મીંગ સીંટમ વાળી બાબતો બીજામૃત, જીવામૃત સહિતની ખેતરમાથી મળી આવતી વનસ્પતિઓના ઉપયોગથી બનાવેલ દવાઓના ઉપયોગ અને વેચાણની પણ વ્યવસ્થા ગોઠવી છે તે જોવા મળી. ખેડૂતોએ જરૂરી દવાઓ અહીંથી ખરીદી હતી. આ સંસ્થા તેમના કાર્યક્ષેત્રના ખેડૂતો સાથે રહી ખેડૂત ઉત્પાદક સંઘની રચના કરવા જઈ રહયા છે તેમણે જુદા જુદા ૪ કલસ્ટરમાં પોતાના કાર્ય વિસ્તારને વહેંચ્યો છે અને તે ચારેય કલસ્ટરના ખેડૂતો સાથે રહી એક કંપની રચવાની કાર્યવાહી હાથ ધરી છે તે સમજવાનો આ ખેડૂતોએ પ્રયાસ કર્યો.



પ્રતિભાવોઃ

૧. મારી ૫૫ વર્ષની ઉમરમાં મેં ઘણાં પ્રવાસો કર્યા છે પણ આજે ખારા પાણીમાંથી મીઠુ પાણી બનાવવાનો ફીલ્ટર પ્લાંટ પહેલી વાર જોયો. – મગનભાઈ ગજેરા, નાના સમઢીયાળા

૨. કોમ્પ્યુટાઈઝ ગ્રીન હાઉસથી પ્રભાવિત થયો. ગ્રામ નિર્માણ તથા ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશનની કામગીરી ખુબજ ગમી. – નાથાભાઈ રાણપરીયા, કાકીડી મોલી

૩. આ પ્રવાસથી સાચી ખેતી પધ્ધતિની માહિતી મળી છે. – ગોરધનભાઈ ઢોલરીયા, મોટી મોલી

૪. એસએસકેકે દ્વારા થયેલ આ પ્રવાસ યાદગાર રહેશે કારણ કે આજે જે જોવા મળ્યુ તેનાથી અમે બિલકુલ અજાણ હતા.–મંગળાભાઈ જોગદીયા, છેલણાં તથા ડાયભાઈ રાખોલીયા નાળીયેરી મોલી.

**જીવનને છોડીને બીજું કોઈ ધન જ નથી.**

## જ્ઞાનતામા અજ્ઞાનતા

મહાભારતની કથામા જયારે ભીમપુત્ર ઘટોત્કચ બલી આપવા માટે માણસોને લઈને પોતાની માતા પાસે જાય છે. માણસની બલી કાલીકા માતાને ચડાવાની પ્રથા હતી. એક દિવસ એવુ બને છે કે ઘટોત્કચ બલી માટે માણસોને શોધતો હતો ત્યારે ભીમ તેને મળે છે તે પોતાના પિતાને પણ ઓળખતો ન હતો એના પિતા ભીમ પણ તેને ઓળખતા ન હતા. ઘટોત્કચ ભીમ ને બલી માટે હડીંબા પાસે લઈ જાય છે. હડીંબા ઘટોત્કચ ને કહે છે કે આતો તારા પિતા છે. તેને પ્રણામ કર અને બલી માટે બીજા માણસને લઈ આવ ત્યારે ભીમ કહે છે મારી બલી ચડાવો હુ પણ એક માણસ છુ. હુ તમારો સ્નેહી નીકળ્યો એટલે મને બલી ન ચડાવવી એ કઈ જાતની જ્ઞાનતા છે. ત્યારે હડીંબા કહે છે કે કાલીકાને રીઝવવા માટે બલી ચઢાવવી પડે ત્યારે ભીમ કહે છે કે કાલીકામાતા તેને કયારેય કહેવા આવ્યા કે મને બલી ચઢાવ. જીવની હિંસા કરી માતાને રીઝવવાનો પ્રયત્ન કરશો પણ તે સ્વીકારશે નહી. આ બલી તેને પંસદ નથી તેને તો અહંકાર, મોહ, લોભ અને નિંદા કુથનનો બલી જોઈએ છે. જેનાથી માતા પ્રસન્ન થાય. તમે જ્ઞાનતા હોવા છતા અજ્ઞાનતા મા કેમ જીવો છો ત્યારે તેની પત્ની હંડીબા ભીમ પાસે માંફી માંગે છે અને બલીપ્રથા બંધ કરે છે. એ રાક્ષસ હોવા છતા સમજી ગયા અને આપણે અમુક માણસ હોવા છતા સમજતા નથી.

## મને તો માણસ લાગે છે

કહેવાતા ઉચ્ચવર્ગના લોકોની સોસાયટીમાં એક દિવસ ચર્ચા જાગી હતી. ચર્ચાનો વિષય બન્યો હતો એક માણસ જે સોસાયટીમાં કોમન પ્લોટના ગ્રાઉન્ડના જાહેર બનંકડા ઉપર જ બેફિકર થઈને જ સુતો હતો દેખાવે દુબળો પાતળો નિર્દોષ અને અસ્વસ્થ જણાતો હતો. મી. ગુપ્તા બોલ્યા અરે આ કોણ છે આપણી સોસાયટીમાં કયાંથી ઘુસ્યો ? મી. પટેલે પણ નાકનું ટરવું ચડાવતા કહયુ "આ સિકયોરીટી શું કામ કરે છે ? ખબર પડતી નથી, દારુ પીને પડયો લાગે છે દારુડીયો" મીસીસ પંડયા બોલ્યા "અરે આવા લોકોના કામ જ ચોરી કરવાના હોય છે. પોલીસને જાણ કરવી જોઈએ" મી. મહેતાએ કહયુ "અરે પહેલા આપણી સોસાયટીના સેક્રેટરી શર્માજીને તો પુછો આમનું શું કરવું ?" કોઈએ કહયુ ત્યારે બધાએ શર્માજીના ઘરે જઈ જાણ કરી શર્માજીએ આવીને જોયુ અને ફરી પાછા પોતાના ઘરે ગયા.

બધા વિચારી રહયા હતા શર્માજી શું નિર્ણય કરે છે. થોડીવાર પછી શર્માજી ઘરેથી લાવેલી ચાદર તે માણસને ઓઢાડી ત્યારે સભ્ય સમાજના લોકોમાંથી કોઈ બોલ્યુ શર્માજી શું કરો છો ? એ કોણ છે ? કયાંથી આવ્યો છે ? કોઈ બોલ્યુ મનેતો શરાબી લાગે છે કોઈ બોલ્યુ ચોર લાગે છે.

શર્માજીએ કહયુ મને બીમાર માણસ લાગે છે.

– દીપા ચૌહાણ

**તમારૂ વર્તન એ તમારા વિચારોનુ પરિણામ છે.**

| | | |
|---|---|---|
| ગુજરાતની સ્થાપ્ના | : | ૧ મે, ૧૯૬૦ |
| ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી | : | ડો.જીવરાજ મહેતા |
| ગુજરાતના પ્રથમ રાજયપાલ | : | મહેંદી નવાઝજંગ |
| ગુજરાતમાં પંચાયતીરાજનો અમલ | : | ૧ એપ્રિલ, ૧૯૬૩ |
| ગુજરાતમાં મોટો પુલ | : | ગોલ્ડન બ્રીજ (ભરૂચ) |
| ગુજરાતમાં મોટો મહેલ | : | લક્ષ્મીવિલાસ પેલેસ, વડોદરા |
| ગુજરામાં મોટો મેળો | : | વૌઠાનો મેળો |
| ગુજરાતમાં મોટો વનસ્પતિ ઉદ્યાન | : | વઘઈ, ડાંગ |
| ગુજરાતનું મોટુ બંદર | : | કંડલા, કચ્છ |
| ગુજરાતમાં મોટુ પુસ્તકાલય | : | સેન્ટ્રલ લાઈબ્રેરી, વડોદરા |
| ગુજરાતની મોટી નદી | : | નર્મદા |
| ગુજરાતની દરિયાઈ સીમા | : | ૧૬૦૦ કી.મી. |
| ગુજરાતમાં પ્રથમ રણજિતરામ સુવર્ણચંદ્રકધારક મેળવનાર | : | ઝવેરચંદ મેઘાણી, (૧૯૨૮) |
| ગુજરાતમાં રેલ્વેની શરૂઆત | : | ૧૮૫૫,ઉતરાણ – અંકલેશ્વર |
| ગુજરાતનું પ્રથમ રેડિયો સ્ટેશન | : | ૧૯૩૯, મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરામાં |
| ગુજરાતમાં ટેલિવિઝનનો પ્રારંભ | : | ૧૫ ઓગષ્ટ, ૧૯૬૫ના રોજ પીજ (ખેડા)થી થયો. |

**પાનખર**

પાનખર ઋતુમા પાન ખરી ગયા,
વૃક્ષો છતાય સજીવ વ રહયા,
નવી મૌસમની રાહ જોઈએ,
આંખોમાંથી જાણે અમૃત વહી ગયા
ઝાડ એકલુ અટુલુ પડીને, મન એને આપ્યુ હરીને
મન ઘણુ મકકમ રાખ્યો,
વિરહનો સ્વાદ કોણે ચાખ્યો, નવી ઋતુની રાહમા,
લઈ ગયુ બધુ એની લાહમા
વૃક્ષો પર પહેલા પશુ પક્ષી કિલ્લોલ કરતા,
ડાળીયો પર અહિયા વહિયા ફરતા
હવે પશુ નથી કે પંખી, વેદનાનુ ઝરણુ ગયુ ઝંખી
ફરી આવશે નવી ઋતુઓનો અણસાર,
લાવશે વૃક્ષોનો નવો અવતાર

*– ગોરધન વાઘેલા*

**બાલગીત**

કેવી મજાની દેખાય નિશાળ મારી કેવી મજાની (૨)
અતિશય સુંદર એખાય નિશાળ મારી કેવી મજાની.
મારી નિશાળમાં વૃક્ષોની શોભા છે
ભાત– ભાતના ફુલડાની સુંગંધ કંઈ ઓર છે !
ગાર્ડનમાં રમત રમાય નિશાળ મારી કેવી મજાની
મારી નિશાળમાં સુંદર ગેટ છે
મારી નિશાળમાં સુંદર રૂમ છે
સુંદર બારી બારણા મારી શિાળમાં
મારી નિશાળમાં સાથે સૌ ભણતા
રાષ્ટ્રીય દિવસ હોંશે ઉજવતા
નિયમિતતા એવી દેખાય મારી નિશાળમાં
પંખીનો કલરવ અમને સંભળાય છે
પ્રકૃતિનાં દર્શન અહીયા જ થાય છે
ભારત માતાનાં દર્શન મારી નિશાળમાં

*– હંસરાજ પેથાણી – ત્રંબોડા*

***તમારી વાણી એ તમારા વિચારોને પડઘો છે.***

## જન્મ દિવસની શુભકામનાઓ

| | | |
|---|---|---|
| ૧. | હરસુર સોલંકી | 18.4.1981 |
| ૨. | મુકેશ ગુજ્જર | 18.4.1989 |
| ૩. | હિરલ ગોસાઈ | 18.4.1994 |
| ૪. | ગૌરીશંકર બામટા | 20.4.1954 |
| ૫. | મીરા પાઠક | 20.4.1983 |
| ૬. | હેતલ વેકરીયા | 22.4.1991 |
| ૭. | કૌશીક પંડયા | 27.4.1977 |
| ૮. | વિપુલ શેલડીયા | 29.4.1977 |

## આ મહિનામાં

૪ લેમ્પ સમીક્ષા બેઠક, અમદાવાદ.
બીસીઆઈ ટીમની લેખિત કસોટી.

૧૦ સીએસપીસી પાર્ટનર મીટ, અમદાવાદ
"દીશા" ના ડોકયુમેંટ અંગે મીટીંગ

૧૪ મેંગો માર્કેટીંગ માટે ડેટાબેઈઝ મોનીટરીંગ તાલીમ, અમદાવાદ

૧૬ ગુજપ્રો દ્વારા બજાર વ્યવસ્થા પર બેઠક

૧૮ વાણી અને ઉન્નતી દ્વારા યોજાયેલ સ્ટેટ લેવલ કન્સલ્ટેશન, અમદાવાદ

૧૯ ખેડૂત પ્રેરણા પ્રવાસ (આસરાણા અને મહુવા)

૩૦ ટીમ મીટીંગ, અમરેલી.

કમોસમી વરસાદને લઈ આ મહિનામાં સતત ખેડૂતોના સંપર્ક જાળવી તેમને ખેતીમાં થયેલ નુકસાનીની વિગતો મેળવી ઉપાયો પર ચર્ચા કરી.

માસ દરમ્યાન સંસ્થામાં ચાલતી પ્રવૃતિઓમાં પ્રોજેકટનો સમયગાળો પુર્ણ થતો હોય તે તમામ પાર્ટનર સાથે ચર્ચા કરી આગામી આયોજન થયા.

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**બધુ જ પરિવર્તનશીલ છે, કશું પણ સ્થિર રહેતું નથી.**